3.3.2. NSP 2021 10

ISSN 0791-6041 / 0976-2086

વર્ષ : ૫૪, અંક : ૨ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ છૂટક નકલ : મૂલ્ય રૂ. ૩૦

# અર્થસંકલન

## અર્થશાસ્ત્ર અને વાણિજ્યનું પ્રમુખ ગુજરાતી સામયિક

સળંગ અંક ૬૧૫


| | | |
|---|---|---|
| પાન ૩ | સંપાદકીય | પ્રો. અનિલ સોનેજી |
| પાન ૫ | યદ્વા તદ્વા | પ્રો. એસ. બી. વોરા |
| પાન ૭ | અંદાજપત્ર – આંકડાકીય રૂપરેખા | પ્રો. ડૉ. જ્યોતિ આર. વિશ્વકર્મા |
| પાન ૧૧ | અંદાજપત્ર – મહેસુલી વિહંગાવલોકન | પ્રો. ડૉ. પી. એસ. હીરાણી |
| પાન ૧૩ | અંદાજપત્ર અને કલ્યાણનો | પ્રો. તપન ભટ્ટ |
| પાન ૧૫ | આર્થિક-સામાજિક સેવાઓ અને અંદાજપત્ર | પ્રો. મહેન્દ્ર ગરોડા |
| પાન ૧૭ | કેન્દ્રીય તીજોરી આવક | પ્રો. ડૉ. જુવાનસીંહ વાળા |
| પાન ૨૧ | કેન્દ્ર સરકારનું બજેટ–એક વિશ્લેષણ | પ્રો. બિપિનચંદ્ર ર. ત્રિવેદી |
| પાન ૨૭ | ૧૫મું નાણાં પંચ | પ્રી. ડૉ. ભાવેશ ભટ્ટ |
| પાન ૩૧ | ભારતનો માનવ વિકાસ આંક | ડૉ. નરસિંહ પરમાર |
| પાન ૩૩ | કૃષિ બિલ ૨૦૨૦ | શ્રી અજીતસિંહ એ. ઝાલા |


■ અર્થસંકલન પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટનું પ્રકાશન ■

# ભારતનો માનવ વિકાસ આંક

ડૉ. નરસિંહ પરમાર
ભી. જી. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર

મહેબુબ ઉલ હકે યુનો ખાતે કાર્યરત રહીને વિશ્વ સમક્ષ માનવ વિકાસનો વિચાર રજૂ કર્યો. લોકોની પસંદગીનું ક્ષેત્ર વિકસે એ માનવ વિકાસ એવી વ્યાખ્યા હકે કરી. માનવ વિકાસ કેવળ ગરીબ દેશોની અને ગરીબોની નિસબતનો વિષય નથી. તે માનવજીવનની ગુણવત્તા તપાસવાનો અને તેના માપનનો વિષય છે. એ સાર્વત્રિક નિસબતનો વિષય છે. ઊંચી આવક ધરાવતા દેશોમાં માનવવિકાસના નિર્દેશકો જ્યાં શોધવાના છે એ ઉણપો આ પ્રમાણે છે : ઘરવિહોણા કુટુંબો, નશીલા પદાર્થોનું વ્યસન, ગુનાખોરી, બેકારી, પર્યાવરણમાં બગાડ, બિનસલામતી અને સામાજિક વિચ્છેદ (social disintegration). માનવ વિકાસમાં કાચી ગૃહ પેદાશ (જીડીપી)ના ખ્યાલનો સ્વીકાર તો છે જ. પરંતુ સાથોસાથ સમાજમાં એકંદરે સાક્ષરતાનું પ્રમાણ, મહિલા સશક્તિકરણ, આરોગ્ય સેવાઓની ઉપલબ્ધિ અને તેના સ્તરને ધ્યાનમાં લેવામાં આવે છે. વિશ્વમાં સૌપ્રથમ માનવ વિકાસ અહેવાલ ૧૯૯૦માં પ્રસિદ્ધ થયો. જેમાં ૧૩૦ દેશોનો માનવ વિકાસ આંક તૈયાર કરીને ક્રમ આપવામાં આવેલ છે. આમાં દેશોને ત્રણ કક્ષામાં વહેચવામાં આવેલ છે.

૧. **નીચો માનવ વિકાસ :** આમાં ૦.૫૦૦ માનવ વિકાસ આંકથી ઓછો આંક ધરાવતા દેશોનો સમાવેશ થાય છે.
૨. **મધ્યમ માનવ વિકાસ :** આમાં ૦.૫૦૦ થી વધુ અને ૦.૭૯૯ સુધી માનવ વિકાસ આંક ધરાવતા દેશોનો સમાવેશ થાય છે.
૩. **ઊંચો માનવ વિકાસ :** આ ગ્રુપમાં ૦.૮૦૦ થી વધુ માનવ વિકાસ આંક ધરાવતા દેશોનો સમાવેશ થાય છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની વિકાસ સંસ્થા UNDP (United Nations Development Programme) એ વિશ્વના દેશોના માનવવિકાસ સંબંધી કરેલા અભ્યાસો પરથી પ્રસિદ્ધ કરેલા તારણો ભારતના આર્થિક, સામાજિક વિકાસની નીતિ ઘડવા માટે ઉપયોગી છે. આ સંસ્થાએ માનવ વિકાસનું મહત્વ સ્વીકારીને માનવ વિકાસ આંકનો (Human Development Index) ખ્યાલ તૈયાર કરેલ છે. આ માટે મુખ્યત્વે ત્રણ બાબતોનો ઉપયોગ થાય છે.

(૧) લોકોનો સરેરાશ આયુષ્ય દર.
(૨) શૈક્ષણિક પરિમાણ – તેમાં બે ઘટકો લેવામાં આવે છે. (અ) દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ – તેને ૨/૩ જેટલો ભાર આપવામાં આવે છે. (બ) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં નોંધાયેલ સંયુક્ત પ્રમાણ તેને ૧/૩ જેટલો ભાર આપવામાં આવે છે.
(૩) દેશની માથાદીઠ આવકનું પ્રમાણ.

ભારતમાં માનવવિકાસ આંક મૂલ્ય

| વર્ષ | સરેરાશ આયુષ્ય | શાળાકીય અપેક્ષિત વર્ષો | શાળાકીય વર્ષોનો મધ્યક | સરસશ માથાદીઠ આવક | માનવવિકાસ આંક |
|---|---|---|---|---|---|
| ૧૯૯૦ | ૫૭.૯ | ૭.૬ | ૩.૦ | ૧૮૮૨ | ૦.૪૨૭ |
| ૧૯૯૫ | ૬૦.૩ | ૮.૨ | ૩.૫ | ૨૧૮૮ | ૦.૪૬૦ |
| ૨૦૦૦ | ૬૨.૫ | ૮.૩ | ૪.૪ | ૨૬૮૩ | ૦.૪૯૩ |
| ૨૦૦૫ | ૬૪.૫ | ૯.૭ | ૪.૮ | ૩૩૮૭ | ૦.૫૩૫ |
| ૨૦૧૦ | ૬૬.૭ | ૧૦.૮ | ૫.૪ | ૪૪૦૩ | ૦.૫૮૧ |
| ૨૦૧૫ | ૬૮.૬ | ૧૨.૦ | ૬.૨ | ૫૬૭૪ | ૦.૬૨૭ |
| ૨૦૧૬ | ૬૮.૯ | ૧૨.૩ | ૬.૪ | ૬૦૭૫ | ૦.૬૩૭ |
| ૨૦૧૭ | ૬૯.૨ | ૧૨.૩ | ૬.૫ | ૬૪૪૬ | ૦.૬૪૩ |
| ૨૦૧૮ | ૬૯.૪ | ૧૨.૩ | ૬.૫ | ૬૮૨૯ | ૦.૬૪૭ |

આ ત્રણ પરિમાણોને પાયામાં રાખીને આ સંસ્થા પ્રતિવર્ષ માનવ વિકાસ આંક તૈયાર કરે છે. તે માટે ૧૭૭ દેશોને આવરી લેવામાં આવ્યા છે. આમાં વિકસિત, વિકાસશીલ અને અલ્પવિકસિત દેશોનો સમાવેશ થાય છે. સૌપ્રથમ ત્રણેય પરિમાણો માટેની લઘુત્તમ અને મહત્તમ મર્યાદા નિયત કરી દેવામાં આવે છે. આ મર્યાદા આ પ્રમાણે નિયત કરાયેલી–

(૧) સરેરાશ આયુષ્ય દર – ૨૫ વર્ષથી ૮૫ વર્ષ.

(૨) સંયુક્ત શૈક્ષણિક પરિમાણ – શૂન્ય ટકાથી ૧૦૦ ટકા.

(૩) કુલ માથાદીઠ વાર્ષિક આવક – ૧૦૦ ડૉલર થી ૪૦૦૦ ડૉલર.

૨૦૦૯ના માનવ વિકાસ અહેવાલમાં જે આંક આપવામાં આવ્યો છે તે ચિંતાપ્રેરક છે. ભારતમાં નીચા સરેરાશ આયુષ્યનું એક કારણ યુવા મરણનું વધારે પ્રમાણ છે. દેશમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાનોનું મરણનું પ્રમાણ એશિયામાં સૌથી વધારે છે. ભારતમાં માનવ વિકાસ આંકનું મૂલ્ય ૨૦૧૮માં ૦.૬૪૭ છે. જે દેશને મધ્યમ કક્ષામાં મૂકે છે. ૧૮૯ દેશોમાં ભારત માનવ વિકાસ આંકની બાબતમાં ૧૨૯માં સ્થાને છે. ૧૯૯૦ થી ૨૦૧૮ની વચ્ચે ભારતમાં માનવ વિકાસ આંકનું મૂલ્ય ૦.૪૩૧ થી વધી ૦.૬૪૭ થયું છે, જે ૫૦ ટકા નો વધારો સૂચવે છે. ૫૯ દેશોને સૌથી ઉચ્ચસ્તર માનવ વિકાસ સમૂહમાં, ૫૩ દેશોને ઉચ્ચસ્તર માનવ વિકાસ સમૂહમાં, ૩૯ દેશોને મધ્યસ્તર માનવ વિકાસ સમૂહમાં તેમજ ૩૮ દેશોને નિમ્નસ્તર માનવ વિકાસના સમૂહમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

૧. **અસમાનતા આધારિત માનવ વિકાસ આંક :** દેશમાં અસમાનતા વધતી જાય તેમ માનવ વિકાસ આંકનું મૂલ્ય ઘટતું જાય છે. ભારતમાં ૨૦૧૮માં માનવ વિકાસ આંક ૦.૬૪૭ છે. તેમ છતાં અસમાનતા મૂલ્ય કપાત કરવામાં આવે તો માનવ વિકાસ આંક ૦.૪૭૭ જેટલો નીચો આવે. એટલે કે ૨૬.૩ ટકા જેટલો ઘટાડો માનવ વિકાસ આંકના મૂલ્યના માપદંડોના અસમાનતાના વ્યાપને લીધે છે.

૨. **જાતિ વિકાસ આધારિત માનવ વિકાસ આંક :** (Gender Development Index) ૨૦૧૪માં પ્રથમવાર પુરુષનો માનવ વિકાસ આંક અને સ્ત્રીઓના માનવ વિકાસ આંકની તુલનાત્મક રજૂઆત થઈ. જાતિ વિકાસ આધારિત માનવ વિકાસ આંક (GDI)માં આરોગ્ય, શાળાકીય સરેરાશ વર્ષ અને ૨૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા લોકોનું સરેરાશ આયુષ્ય માપવામાં આવ્યું.

૩. **જાતિ અસમાનતા આધારિત માનવ વિકાસ આંક :** જાતિ અસમાનતા આધારિત માનવ વિકાસ આંક ૨૦૧૦થી પ્રસિદ્ધ કરવામાં આવે છે. ૨૦૧૮માં ૧૬૨ દેશોમાં ભારત ૦.૫૦૧ સાથે ૧૨૨માં ક્રમે હતું. સંસદમાં ૧૧.૭ ટકા સભ્યો મહિલાઓ હતી. માધ્યમિક શિક્ષણની બાબતમાં પુરુષોના ૬૩.૫ ટકાની સામે સ્ત્રીઓએ ૩૯.૦ ટકા શિક્ષણ પ્રાપ્ત કરેલ છે.

૪. **બહુઆયામી ગરીબી આંક :** ૨૦૧૦ના અહેવાલમાં બહુઆયામી ગરીબી આંકનો ઉલ્લેખ કરવામાં આવ્યો. જેમાં આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણના સ્તરમાં ઘટાડાની ગરીબો પરની વિપરીત અસરોને ધ્યાને લેવાઈ. આરોગ્ય અને શિક્ષણ બે નિર્દેશકો પર આધારિત છે. જ્યારે જીવનધોરણનું સ્તર છ નિર્દેશકો પર આધારિત છે. બહુઆયામી ગરીબી આંકની રચના માટે કુટુંબોના સર્વેમાં આ તમામ નિર્દેશકોનું મહત્વ છે. ગરીબીના ૩૩.૩ સ્કોરને ગરીબ અને બિનગરીબ વચ્ચે તફાવત માટે નક્કી કરવામાં આવ્યો છે. જો ગરીબીનો સ્કોર ૩૩.૩ કે તેથી વધુ હોય તો કુટુંબ બહુઆયામી ગરીબીથી પીડાય છે. જો વ્યક્તિ ૫૦ કે તેથી વધુ સ્કોર ધરાવતો હોય તો તે ગંભીર બહુઆયામી ગરીબીનો ભોગ બનેલ છે. બહુઆયામી ગરીબી આંક ૨૦૧૯ના અહેવાલમાં ૧૦૧ દેશો માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

૫. **માનવ સંસાધનની ગુણવત્તા :** માનવ સંસાધનની ગુણવત્તામાં આરોગ્યવિષયક સેવાઓ જેમકે ડૉક્ટરોની સંખ્યા, અને હોસ્પિટલમાં પથારીની સંખ્યા મહત્વના છે. શિક્ષણની ગુણવત્તામાં પ્રાથમિક શિક્ષણમાં શિક્ષક-વિદ્યાર્થી રેશિયો, તાલીમબદ્ધ શિક્ષકો, ઈન્ટરનેટની સુવિધાવાળી શાળાઓનું પ્રમાણ મહત્વના છે. જીવનધોરણના નિર્દેશકોમાં રોજગારીમાં હંગામી અને અસુરક્ષિત નોકરીઓનું પ્રમાણ ગ્રામીણ વસ્તીને વીજળીની પ્રાપ્તિ, પીવાના શુદ્ધ પાણીની ઉપલબ્ધિ અને આધુનિક સેનિટેશનની સુવિધા માનવ વસતિની ગુણવત્તાના નિર્દેશકો છે.

૬. **જીવનકાળ દરમ્યાન જાતિ તફાવત :** સ્ત્રી-પુરુષના

(અનુસંધાન પાન ૨૬ ઉપર)

(પાન ૧૨નું અનુસંધાન)

વર્ષ ૨૦૨૧-'૨૨ના અંદાજપત્રમાં આ હિસ્સો અનુક્રમે ૭૨ ટકા તથા ૨૭ ટકા દર્શાવેલ છે.

કેન્દ્રીય હિસાબમાં દર્શાવેલ છે તે મુજબ વર્ષ ૨૦૧૯-'૨૦માં ખરેખર વેરાકીય કુલ આવક વર્ષ ૨૦૧૯-'૨૦માં ખરેખર જે વેરાકીય કુલ આવક રૂ. ૨૦,૧૦,૦૫૪.૩૩ કરોડ થઈ હતી તે પૈકી રૂ. ૬,૫૦,૬૭૭.૦૫ રાજ્યોને તબદીલ ભંડોળ બાદ કરતા કેન્દ્રની આવક રૂ. ૧૩,૫૯,૩૮૨.૨૮ હતી, એટલે કે વર્ષ ૨૦૧૯-'૨૦માં કેન્દ્રીય કુલ આવક (વેરા+બિનવેરા) રૂ. ૧૯,૪૮,૦૮૩.૫૩ નોંધાયેલ. વર્ષ ૨૦૧૯-'૨૦ની કેન્દ્રીય આવકમાં વેરા બિનવેરા આવક ગુણોત્તર પ્રમાણ ૭૦:૩૦ નોંધાયેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦-'૨૧માં એટલે કે ગત વર્ષના અંદાજપત્રમાં આ આવક કુલ રૂ. ૨૩,૩૧,૪૪૪.૬૬ અંદાજીત હતી. (+ રૂ. ૩૮,૩૩૬.૧૩-(૧૯.૬૮ ટકા) વધારે). જ્યારે ૧ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ ૨૦૨૦-'૨૧ના સુધારેલ અંદાજમાં મૂળ અંદાજ રૂ. ૨૩,૩૧,૪૪૪.૬૬ની તુલનામાં ઘટાડો દર્શાવેલ છે. જે રૂ. ૧૭,૯૭,૧૮૭.૫૩ એટલે કે રૂ. ૫,૩૪,૨૩૭.૧૩ (૨૨.૯૧ ટકા) ઘટ મુકેલ છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૧-'૨૨ માટે કુલ આવકનો અંદાજ રૂ. ૨૧,૦૫,૭૦૮.૦૪ એટલે કે વર્ષ ૨૦૨૦-'૨૧ સુધારેલ અંદાજની તુલનામાં રૂ. ૩,૦૮,૫૨૦.૪૭ (+૧૭.૭૨ ટકા) મુકેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-'૨૨ની કુલ આવકમાં વેરા/બિનવેરા આવકનો ગુણોત્તર પ્રમાણ ૭૪:૨૬ અંદાજવામાં આવેલ છે.

નાણામંત્રીશ્રીએ ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૧ના નવા ૨૦૨૧'૨૨ના અંદાજપત્ર રજૂ કરેલ છે તે વેળાએ ૨૦૨૦-'૨૧ના અંદાજપત્ર (ફેબ્રુઆરી-૨૦૨૦) કરતા સુધારેલ અંદાજ (ફેબ્રુઆરી-૨૦૨૧) જે ચિત્ર દર્શાવેલ છે તે સ્પષ્ટ રીતે કેન્દ્રીય સરકારની તીજોરીમાં મહેસુલી આવક મહામારીના પ્રભાવનું પ્રતિબિંબ દર્શાવે છે. અલબત્ત આ સુધારેલ અંદાજ પણ જ્યારે ૨૦૦૨-'૨૩માં ખરેખર શું દર્શાવશે તે હજુ અનિશ્ચિત રહેશે. અનલોક પછીની આર્થિક ગતિવિધિના ચઢાવ-ઉતારનું ચિત્ર હજુ હવે પ્રાપ્ત થશે એટલે કે કેન્દ્રીય તીજોરીમાં મહેસુલી ચિત્ર સંબંધે પાઘડીનો વળ કયા છેડે પહોંચશે તે ૨૦૨૨ની ફેબ્રુઆરીમાં ખબર પડશે.

(પાન ૩૨નું અનુસંધાન)

જીવન દરમ્યાન બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પુખ્તાવસ્થા અને વૃદ્ધાવસ્થા. આ નિર્દેશકોમાં શિક્ષણ, શ્રમ બજાર અને કામના પ્રકાર, રાજકીય પ્રતિનિધિત્વ, સમયનો ઉપયોગ અને સામાજિક સલામતી. ત્રણ નિર્દેશકો સ્ત્રીઓ માટે અને બાકીના નિર્દેશકો સ્ત્રી-પુરુષ વચ્ચેના પ્રમાણ માટે છે. દેશોને આંશિક રીતે દરેક નિર્દેશકમાં સરખી રીતે વહેંચી નાખવામાં આવ્યા છે. જન્મ સમયે જાતિ પ્રમાણ અપવાદ છે. દેશોના બે જુથ બનાવ્યા છે. નૈસર્ગિક જુથ અને જાતિ તફાવત જુથ.

૭. સ્ત્રી સશક્તિકરણના ૧૩ ખાસ નિર્દેશકો દ્વારા સ્ત્રી સશક્તિકરણના ત્રણ આયામોની તુલના કરવામાં આવે છે. (૧) પ્રજોત્પાદક આરોગ્ય અને કુટુંબ નિયોજન, (૨) સ્ત્રીઓ અને બાળકીઓ વિરુદ્ધ હિંસા અને (૩) આર્થિક-સામાજિક સશક્તિકરણ.

૮. **પર્યાવરણીય ટકાઉક્ષમતા :** એવા ૧૧ નિર્દેશકો પર્યાવરણીય ટકાઉક્ષમતા અને પર્યાવરણીય પડકારોનો સમાવેશ કરે છે. પર્યાવરણીય ટકાઉક્ષમતાના નિર્દેશકો ઊર્જાની વપરાશનું સ્તર અને ઊર્જાની વપરાશમાં ફેરફાર, કાર્બન ડાયોક્સાઈડ છોડવો, જંગલ વિસ્તારમાં ફેરફાર, શુદ્ધ પાણીની અછત અને નૈસર્ગિક સંસાધનોનું ખાલી થઈ જવાની બાબત રજૂ કરે છે. કુટુંબમાં મૃત્યુદરનું પ્રમાણ, હવાનું વ્યાપક પ્રદૂષણ, અસલામત પીવાનું પાણી, સેનિટેશન અને આરોગ્ય સેવાઓ, ઊતરતી જતી જમીન ગુણવત્તા દર્શાવે છે.

૯. **સામાજિક-આર્થિક ટકાઉપણું :** આ બાબતમાં ૧૧ નિર્દેશકોનો સમાવેશ થાય છે. ચોખ્ખી બચતો, કુલ મૂડી સર્જન, કુલ દેવાનું વ્યાજ, કુશળ શ્રમદળ, નિકાસોની વૈવિધ્યતા, સંશોધન અને વિકાસ પરનું ખર્ચ સામાજિક-આર્થિક ટકાઉપણાના નિર્દેશકો છે.

**સંદર્ભ સૂચિ**

૧. રમેશ બી. શાહ, (૨૦૦૬) માનવવિકાસ-અભિગમ : એક સમાલોચના, ડૉ. ડી. ટી. લાકડાવાલા સ્મૃતિવ્યાખ્યાન શ્રેણી (વ્યાખ્યાન ક્રમાંક-૧૪).

૨. દિલીપ આર. મર્થક (સપ્ટેમ્બર, ૨૦૧૦), માનવવિકાસ – ૨૦૦૯ : ભારત ક્યાં ? અર્થસંકલન.

૩. હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ, ૨૦૧૮, યુએનડીપી.